Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ




પુ૦ ૩૦ મું.
કાર્તિક.
અંક ૪ થો.

પ્રકાશક,
**શ્રી જૈન આત્માનંદ સભા**
ભાવનગર.

વીર સં. ૨૪૫૯
આત્મ સં. ૩૭
વિ. સં. ૧૯૮૯

મૂલ્ય રૂા. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય–પરિચય.


૧ શ્રી રત્નાકર પંચવિંશતિનો ગુજરાતી કાવ્યાનુવાદ. ... ... ... ...ભગવાનદાસ મનસુખભાઇ મહેતા. ૭૩

૨ શ્રી તીર્થંકરચરિત્ર. ... ... ... મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ. ૭૫

૩ અમારી પૂર્વદેશની યાત્રા. ... ... મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. ૮૦

૪ કર્મપરિણામાદિની મૂકેલી સાત રાક્ષસીઓનું સ્વરૂપ. ... ... ... સદ્દ૦ શ્રી કર્પૂરવિજયજી મ૦ ૮૩

૫ આ૦ શ્રીવિજયવલ્લભસૂરિજીનું આત્મ-નિવેદન... ... ... ... ... વલ્લભવિજય. ... ૮૭

૬ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ... ... વિઠ્ઠલદાસ મૂલચંદ શાહ. ... ૮૯

૭ પૂજનની સફળતા. ... ... ... રા. ચોકશી. ... ૯૩

૮ વર્ત્તમાન સમાચાર. ... ... ... ... ... ... ૯૫

૯ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૯૫



## કલકત્તાવાળાના વિવિધ રંગોથી મનોહર ફોટાઓ.

| નામ. | કીંમત. |
|---|---|
| શ્રી નેમનાથસ્વામીના લગ્નનો વરઘોડો. | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦–૮–૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦–૮–૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦–૮–૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦–૮–૦ |
| શ્રી રાજગિરિ સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |
| શ્રી પાવાપુરીજી સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |
| શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |

| નામ. | કીંમત. |
|---|---|
| શ્રી જીનદત્તસૂરિજી ( દાદા સાહેબ ) | ૦–૬–૦ |
| છ લેશ્યા. | ૦–૬–૦ |
| મધુબિંદુ. | ૦–૬–૦ |
| શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૦–૪–૦ |

### ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ.

| | |
|---|---|
| શ્રી મહાવીરસ્વામી. | ૦–૮–૦ |
| સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે. | ૨–૮–૦ |
| જંબુદ્વીપનો નકશો રંગીન. | ૦–૬–૦ |
| નવતત્ત્વના ૧૧૫ ભેદનો નકશો. રંગીન | ૦–૨–૦ |

### નવાં તૈયાર થયેલ.

| | |
|---|---|
| શ્રી ગૌતમસ્વામી. | ૦–૮–૦ |
| શ્રી પાવાપુરી જલમંદિર. | ૦–૮–૦ |
| શ્રી સમેત્તશિખરજી. | ૦–૮–૦ |

મળવાનું સ્થળ, શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐 श्री 卐

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—" आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य " इति । आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने । एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते । ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते ? विषयान्तरज्ञानमेवह्यज्ञानरूपं दुःखं छिन्द्यात् । नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीरपरिग्रहे दुःखितत्वात्, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण–श्री हेमचन्द्रसूरि.

卐 卐

पुस्तक ३० } वीर सं. २४५९. कार्तिक. आत्म सं. ३७. { अंक ४ थो.

## શ્રી રત્નાકર પંચવિંશતિનો ગુજરાતી કાવ્યાનુવાદ.

( અ. ક. ) ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા એમ. બી. બી. એસ.

વસંતતિલકા વૃત્ત.

શ્રેયઃ[1]શ્રીના પરમ મંગલ કેલિ[2]ધામ !
જેના પદે સુર–નરેંદ્ર કરે પ્રણામ;
સર્વજ્ઞ ! સૌ અતિશયો યુત ! હે, પ્રધાન !
તું પામ ચિર જય જ્ઞાનકલાનિધાન ! ૧

આધાર હે ત્રિજગના ! કરૂણાવતાર !
દુર્વાર જન્મ–ગદના[3] વળી વૈદ્ય સાર !

૧ કલ્યાણરૂપ લક્ષ્મી ૨ ક્રીડાનું ગૃહ. ૩ ભવરૂપ રોગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું મુગ્ધભાવ થકી તું પ્રતિ વીતરાગ !
વિજ્ઞાપના કંઇ કરૂં પ્રભુ ! વિજ્ઞ ! આજ. ૨

શું બાલ અત્ર યુત બાલલીલા-વિલાસે,
વિના વિકલ્પ ન વદે નિજ તાત પાસે ?
તેવી રીતે તુજ સમીપ કથું યથાર્થ,
હું નિજ આશય [૪]અનુશય સાથ નાથ ! ૩

દીધું ન દાન પરિશીલ્યું ન શાલિ[૫] શીલ,
તપ્યું નહિં તપ અરે ! વળી મેં લગીર;
ને શુભ ભાવ પણ આ ભવમાં થયો ના,
હે વિભુ ! ફોગટ જ હું ભમિયો અહો ! હ્યાં. ૪

હું નાથ ! ક્રોધરૂપ અગ્નિથી દાઝીયો છું,
હું દુષ્ટ લોભરૂપ સર્પથી ડંખિયો છું;
હું ગ્રસ્ત માન-મગરે ત્યમ બદ્ધ છું હું,
માયાની જાલ થકી, કેમ તને ભજું હું ? ૫

આ લોક તેમ પરમાં હિત મેં કર્યું ના,
લોકેશ ! લોકમહિં સુખ મને થયું ના;
રે ! જન્મ મુજ સમનો અહિં જિનનાથ !
નિશ્રેજ કેવલ થયો ભવપૂરણાર્થ[૬] ૬

રે ! તુજ મુખ-શશિનો લહી લાભ ચારૂ,
સ્વામી ! મનોજ્ઞ[૭] વૃત્તથી યુત ! ચિત્ત મારૂં;
દ્રવ્યું નહિં રસ પ્રમોદતણો જ જેથી,
પાષાણથી પણ કઠોર ગણું જ તેથી. ૭

ભારી ભવભ્રમથી દુષ્કર પામવું જે,
પામ્યો ત્રિરત્ન[૮] તુજ પાસથી દેવ ! હું તે;
તે તો ગયું પ્રભુ ! પ્રમાદની નિંદદ્વારા,
પોકાર કોની સમીપે કરૂં નાથ ! મારા. ૮

વૈરાગ્યરંગ મુજ તો પરવંચનાર્થે,
ધર્મોપદેશ ઇશ ! તે જન રંજનાર્થે ! !
વિદ્યાનું અધ્યયન તો થયું વાદ માટ ! ! !
રે ! ભાખું હાસ્યકર કેટલી નિજ વાત ? ૯

૪ પશ્ચાતાપ. ૫ સુંદર, શોભનિક. ૬ ભવનીપૂરણી અર્થે. ૭ સુંદર, મનગમતા. ૮ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયી.

' सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः । ( શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગિઆર અંગમાં નિરૂપણ કરેલ-
# શ્રીતીર્થંકરચરિત્ર.

## શ્રી જ્ઞાતાસૂત્ર.

( ગતાંક પૃષ્ઠ ૫૪ થી શરૂ. )

તે કાલે તે સમયે **અંગ** નામે દેશ હતો, તેમાં **ચંપા** નામે નગરી હતી. તે ચંપા નગરીમાં **ચંદ્રચ્છાય** નામે અંગરાજા હતો. તે ચંપાનગરમાં અરહન્નક વિગેરે અનેક સાથે ફરનારા **વહાણવટીઓ** રહે છે, જેઓ આઢચ છે યાવત્.... અપરિભૂત ( અપરાજિત છે ) તેમજ તે અરહન્નક **શ્રમણોપાસક** પણ હતો. જીવ-અજીવનો જાણનાર હતો. વર્ણન.

ત્યારબાદ અન્યદા કોઇ દીન તે અરહન્નક વિગેરે સાથે સફર કરનારા વહાણવટીઓ એકઠા થતાં પરસ્પરમાં આ રીતે કથાલાપ થયો. ખરેખર આપણે ગણિમ ( શ્રીફળ વિગેરે ગણત્રીવાળી ચીજો ) ધરિમ ( તોલદ્રવ્યો ) મેય (માન-દ્રવ્યો ) અને પરિચ્છેદ્ય ( વસ્ત્રો, ઝવેરાત વિગેરે પરીક્ષાદ્રવ્યો ) વસ્તુઓ લઇને વહાણવડે લવણસમુદ્ર ખેડવો, એમ કહીને આ વાત પરસ્પરમાં કહે છે. સાંભળે છે. સાંભળીને ગણિમ વિગેરે વસાણાને એકઠા કરે છે. ગાડી-ગાડાઓ તૈયાર કરે છે, શોભન **તિથિ, કરણ, નક્ષત્ર, મુહૂર્ત્ત**માં વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવે છે ભોજનકાલે મિત્ર જ્ઞાતિને જમાડે છે યાવત્....પુછે છે, ગાડા ગાડીઓ જોડે છે. જોડીને ચંપાનગરના મધ્યમધ્યમાં થઇ જ્યાં ગંભીર-પોત પટ્ટન ( બંદર ) છે ત્યાં આવે છે આવીને ગાડા-ગાડીઓને છોડી દે છે,

---

કીધું સદોષ મુખને પર નિન્દનાથી,
ને નેત્રને પરની નારી નિરીક્ષવાથી;
ને ચિત્તને પરની હાનિની ચિન્તનાથી,
શું માહરૂં અહિં થશે જિનનાથ ! આથી ? ૧૦

જે ખાધરી[૯] મદનની[૧૦] પીડના વશેથી,
વિડંબના સ્વ થઇ હું વિષયાંધલેથી;
લજ્જાથી તે તમ સમીપ પ્રકાશી માનો,
સર્વજ્ઞ સ્વામી ! સઘળું સ્વયમેવ જાણો. ૧૧ —(ચાલુ)

૯ ધરાય નહિં એવી, તૃપ્ત ન થાય એવી. ૧૦ કામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વહાણોને તૈયાર કરે છે; તેમાં ગણિમ યાવત્....ચારે પ્રકારની વસ્તુઓ ભરે છે; તેમજ ચોખા, કણક, તેલ. ગોળ, ઘી, ગોરસ, પાણી, માટલા, ઔષધ, ભેષજ, ઘાસ, લાકડા, ઢાંકણુ, હથિઆરો અને બીજી વહાણુ સફરને યોગ્ય વસ્તુઓ વહાણુમાં ભરે છે. સારા **તિથિકરણ, નક્ષત્ર** તથા **મુહૂર્ત્ત**માં વિપુલ અશન વિગેરે તૈયાર કરે છે. ફરીને મિત્ર-જ્ઞાતિને પૂછે છે અને જ્યાં ડંકો છે ત્યાં આવે છે.

ત્યારે તે અરહન્નક યાવત્...વ્યાપારીઓનો સગા-સંબંધીઓ યાવત્.... તેવી સુંદર વાણીવડે અભિનંદન તથા પ્રશંસાપૂર્વક આ પ્રમાણે બોલ્યા—

હે આર્ય ! હે તાત ! ( દાદા ) હે બંધુ ! હે મામા ! હે ભાણેજ ! તમો ભગવાન્ સમુદ્રથી રક્ષણુ કરાતા ચિરકાળ સુધી જીવો. તમારૂં કલ્યાણુ હો ! ફરીવાર જલદી ઇચ્છાઓ માફક મેળવી કૃતકાર્ય બની નિર્દોષપણે દરેકેદરેક પોતપોતાને ઘરે આવો એમ જોવા ઇચ્છીએ છીએ. એ પ્રમાણે કહેતા પિપાસા-ભરેલી અશ્રુપૂર્ણ દૃષ્ટિથી જોતા જોતા મુહૂર્ત સુધી ઉભા રહે છે.

ત્યારબાદ પુષ્પબલિકર્મ સમાપ્ત થતાં સરસ લાલ ચંદનના ચપેટાવાળા થાપા દેવાયા, ધૂપ ઉખેવાયો, સમુદ્રનો વાયુ પૂજાયો, મોટા લાકડાઓ-સ્તંભો યથાસ્થાને ગોઠવાયા, સફેદ ધ્વજાઓ (સઢ) ઉંચી કરાઇ, સુંદર વાજિંત્રો વાગવા લાગ્યા, સર્વ અનુકુલ શકુનો લેવાયા, રાજાની આજ્ઞા લેવાઇ. આ દરેક વિધિ સાથે વ્યાપારીઓ ઉત્કૃષ્ટ સિંહનાદ યાવત્....અવાજવડે ઘુઘારવ કરતા મહા-સમુદ્ર જેવા અવાજવડે તે ભૂમિભાગને શબ્દમય બનાવી, એક તરફથી, યાવત્.... વહાણુ ઉપર ચડયા.

ત્યારે માગધ-ભાટ મંગલવચન બોલવા લાગ્યો. તે આ પ્રમાણે-તમો દરે-કને સિદ્ધિ મળો, કલ્યાણુપરંપરા પ્રાપ્ત થાઓ, સર્વ વિઘ્નો દૂર થાઓ. અત્યારે **પુષ્ય** નક્ષત્ર છે, વિજય મુહૂર્ત્ત છે, આવો ઉત્તમ દેશકાળ છે.

માગધનું આ રીતનું વાકય નીકળતાં હર્ષિત અને તુષ્ટ થએલા કુક્ષિધાર નાવિકો, કર્ણુધાર નિર્યામકો, અન્ય નાવિકો તથા વહાણુવટીઓ પોતપોતાના કાર્ય-માં તૈયાર થઇ રહ્યા. ત્યારબાદ તે સામાનથી ભરેલા અને પુણ્યમુખ--પૂર્ણુમુખ વહાણોને બંધનથી છોડે છે, ત્યારે તે નાવો બંધનથી છૂટતાં વાયુના જોરથી પ્રેરાતા, ઉંચા સઢવાલા, પહોળી પાંખવાળા, ગરૂડપક્ષી હોયની શું એવા ગંગા પાણીના તીક્ષ્ણુ મોજાઓથી ધકેલાતા તથા મોટા મોજાઓ અને હલેસાઓથી ધસતા કેટલીક અહોરાત્રીએ લવણુસમુદ્રમાં અનેક યોજન દૂર નીકળી ગયા. ત્યારે તે અરહન્નક વિગેરે વહાણુવટીઓને લવણુસમુદ્રમાં અનેક યોજન આગળ વધતાં અનેકવિધ સેંકડો ઉત્પાતો દેખાવા લાગ્યા. તે આ પ્રમાણેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અકાલે મેઘગર્જના, અકાલે વિજળી અને અકાલે વિદ્યુત્‌ના કડાકા, ક્ષણે-ક્ષણે આકાશમાં દેવો નાચે છે, એક મોટા પિશાચરૂપને જુએ છે, જેને તાડની જેવી જંઘા ( સાથળ ) છે, આકાશમાં લંબાએલા મોટા હાથો છે, શાહીમૂષક અને પાડા જેવો કાળો વર્ણ છે, ભર્યામેઘ જેવો રંગ છે, લાંબા હોઠ છે, આગળના દાંતો નીકળેલા છે, મુખમાંથી બહાર કાઢેલી બે જીભો છે, કપોલના ભાગો ( શંખો ) મોઢામાં પેસી ગયા છે, **ચીની** જેવું ચપટું નાક છે, વિકારવડે ઘણી ટેડી ભૃવો ( ભવાં ) છે, પતંગ જેવી ચળકતી લાલ આંખો છે, ત્રાસજનક આકાર છે, મોટી છાતી છે, મોટું પેટ છે, લાંબી કુંખો છે, હસતું ચલાયમાન ઢીલું શરીર છે, જે તાલપિશાચ અનેકવાર નાચે છે, આસ્ફોટન કરે છે, બોલે છે, ગાજે છે અને અટ્ટહાસ કરે છે; તથા નીલકમલ-શીંગગોળી અને અતસીપુષ્પ સમાન રંગવાળી ક્ષુરધારા જેવી તરવાર લઇને સામો આવતો જણાય છે.

ત્યારબાદ તે અરહન્નક સિવાયના સાથે સફર કરનારા વહાણવટીઓ એ મોટા તાડપિશાચને જુએ છે, જેનું સ્વરૂપ આ પ્રમાણે છે-તાડ જેવા સાથળો છે, આકાશમાં લાંબા મોટા હાથ છે, ફુટેલું શિર છે, ભમરીનો સમૂહ ઉંચા અડદના ઢગલા તથા પાડા જેવી કાલાશ છે, જળભર્યા મેઘ જેવો વર્ણ છે, સૂપડા જેવા નખો છે, ફાલ ( પરપલપ્રમાણ લોઢાનું તપેલું દિવ્ય ) જેવી જીભ છે, લાંબા હોઠ છે, સફેદ ગોળ, વીંખરાએલ, તીક્ષ્ણ, સ્થીર, મજબુત તથા કુટિલ દાઢાવાળું મુખ છે, મ્યાન રહિત ધારાળી તરવારના જોટા સમાન પાતલી, ચંચળ, ગળતી, રસલુબ્ધ, ચંચળ, ફરકતી તથા મુખમાંથી નીકળેલી બે જીભો છે, દેખાતું મોટું વિકૃત ( બિભત્સ ) લાળ ફેંકતું લાલ તાળવું છે, હીંગલાથી લીંપેલ ગુફાદ્વાર જેવું, અંજનગિરિના ગુફાદ્વાર જેવું, અગ્નિજ્વાલા ફેંકતું મુખ છે, સંકોચાયેલ પાણીના કોસ જેવા સંકુચિત ગંડપ્રદેશો છે, ચીની ચપટી વાંકી અને કુટેલી નાસા ( નાક ) છે, રોષથી નીકળતા ધમધમ અવાજવાળા વાયુથી ભરેલ કર્કશ નસકોરા છે, વાંકા નાસિકપુટ છે, ઘાતવાળું ઘાટ ઉઘાડું ભીષણ મુખ છે, ઉર્ધ્વમુખી કર્ણશષ્કુલીવાળા મોટા કડક લોમવાળા શંખ સુધી લાંબા ડોલતા કાનો છે, પીંગલ અને ભભકતા નેત્રો છે, ભ્રકુટિરૂપી વીજળીવાળું લલાટ છે, નરમુંડ-માલાથી વીંટાએલ નીશાની છે, વિચિત્ર સાપથી બાંધેલ પરિકર છે, ડોલતા તથા ફુફાડા કરતા સાપ, વીંછી, ઘો, ઉંદર, નોળીયા, કાકીડાથી બનાવેલ વિચિત્ર ઉત્તરાસંગ-માલા છે, ફણાવાળા ક્રૂર, કાળા, ધમધમતા અને લાંબા સર્પો કાનના ભૂષણો છે-તે જ કાનની વાલીઓ છે, સ્કંધમાં બીલાડો અને શિયાળ લગાવેલ છે, માથા ઉપર મુકુટના સ્થાને કડક અવાજ કરતું, ઘુઘુ કરતું ઘુઅડ ધારણ કર્યું છે, ઘંટારવથી કરાળ, ભયંકર, કાતરના હૃદયને ફોડનાર અટ્ટહાસ્ય મૂકતું વસા, લોહી, પરૂ, માંસ તથા મલથી મલિન-વિંટાએલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર છે, ત્રાસજનક મોટી છાતી છે, દેખાતા અભિન્ન નખ, મુખ, આંખ તથા કાનવાળા શ્રેષ્ઠ વ્યાઘ્રચર્મ તથા ચિત્રકચર્મરૂપી વસ્ત્રો છે, સરસ રૂધીરવાળા ગજચર્મ-ખાલ ધારણ કરી છે, બન્ને હાથો ઉંચા કર્યા છે, તે પ્રકારની અતિ કર્કશ-સ્નેહ રહિત-અનિષ્ટ-બળતી-અશુભ-અપ્રિય અને અકાંત ( અમનોહર ) વચનોથી તર્જના કરે છે.

વહાણવટીઓ આવા તાલપિશાચને આવતો જુએ છે, જોઇને ડરવાળા ભયભીત બનીને એકબીજાના શરીરે ચોટે છે. ( એકબીજાની ઓથમાં સંતાય છે ) એવી રીતે કરીને ઘણા ઇંદ્રો કાર્તિકેય, રૂદ્ર, શિવ, વૈશ્રમણ, નાગદેવ, ભૂત, યક્ષ, પ્રશાન્તદેવી ( દુર્ગા ), કોટ્ટકિયા ( મહિષવાહિની દુર્ગા )ની અનેકવિધ પૂજાપૂર્વક **માન્યતાઓ** કરતા રહે છે.

ત્યારે તે **અરહન્નક શ્રમણોપાસક** તે દિવ્ય પિશાચદેહને પોતાની તરફ આવતો જુએ છે. જોઇને નીભિક અવસ્ત, અચલ, સંભ્રમ રહિત, અવ્યાકુલ, ઉદ્વેગ રહિત મોઢે અને આંખોમાં રંચમાત્ર વિકાર રહિત, અદીન, શુદ્ધમનવાળો બની રહે છે. વહાણના એક ભાગમાં વસ્ત્રના છેડાથી જમીન પ્રમાર્જે છે ( સાફ કરે છે ). પ્રમાર્જીને આસનપર બેસે છે. બેસીને બે હાથ જોડી આ પ્રમાણે બોલે છે-' અરિહંત ભગવાન્‌ને નમસ્કાર હો, યાવત્....( नमोत्थुणं ) સંપ્રાપ્તને નમસ્કાર હો. જ્યારે હું આ ઉપસર્ગથી છુટીશ તો મને પારવાની છુટ છે. જ્યાં સુધી હું આ ઉપસર્ગથી મૂકત ન થાઉં ત્યાં સુધી મને તે પચ્ચકખાણ છે ' એમ કહીને **સાગારભકત પચ્ચકખાણ કરે છે.**

ત્યારે તે પિશાચ જ્યાં અરહન્નક છે ત્યાં આવે છે. આવીને અરહન્નકને આ પ્રમાણે કહે છે-હે અરહન્નક ! હે અપ્રાર્થિતપાર્થક ! ( હે મૃત્યુને આમંત્રણ કરનાર ! ), યાવત્....રહિત. ખરેખર તને અત્યારે શીલવ્રત, ગુણવ્રત, વિરમણ પચ્ચકખાણ અને પૌષધોપવાસ કરવા ઉચિત નથી, કેમકે તે ચલાયમાન (ભાંગાની અદલાબદલી) ક્ષોભ (પાલન સંશય) ખંડન, વિનાશ, ત્યાગ અને પરિત્યાગને લાયક છે (આગારો રાખેલ છે); તો જો તું તારા શીલવ્રતને યાવત્.... છોડીશ નહીં તો હું આ તારા વહાણને બે આંગળીએ પકડી સાત-આઠ તાડપ્રમાણ આકાશમાં ઉંચે ઉછાળીશ અને પાણીમાં ડુબાડીશ, જેથી તું આર્ત દુખાર્ત ને પરવશ બની અસામિ મેળવી અકાળે જ જીવન રહિત થઇશ-મરીશ.

ત્યારે તે **અરહન્નક શ્રાવક** તે દેવને મનથી જ આ પ્રમાણે કહે છે-**હે દેવાનુપ્રિય** ! હું અરહન્નક નામનો શ્રમણોપાસક જીવ-અજીવને જાણનાર છું. મને કોઇ **દેવ** અથવા યાવત્....**નિર્ગ્રંથમાર્ગથી** (જૈન ધર્મથી) **ચલાવવાને-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષોભાયમાન કરવાને કે વિપરિત પરિણામમાત્ર કરાવવાને **શક્તિમાન** નથી. તને જે રૂચે તે કર. એમ કહી નિર્ભિક, યાવત્....મુખે અને આંખોમાં ઉદ્વેગ રહિત અદીન શુદ્ધમનવાળો નિશ્ચલ નિષ્પંદ મૌનપણે ધર્મધ્યાનમાં લીન બની વિચરે છે.

ત્યારબાદ તે દિવ્યપિશાચ અરહન્નક શ્રમણોપાસકને બે–ત્રણવાર એ પ્રમાણે કહે છે–હે અરહન્નક !—૦

અદીન વિમલમનવાળો નિશ્ચલ નિર્વિચાર મૌનધર્મ ધ્યાનલીન વિચરે છે.

ત્યારે તે દિવ્યપિશાચ અરહન્નકને ધર્મધ્યાનમાં તલ્લીન દેખે છે. દેખીને અતિશય ક્રોધિત બની તે વહાણને બે આંગુલીથી પકડે છે. સાત–આઠ તાડ યાવત્....અરહન્નકને આ પ્રમાણે બોલે છે–હે અરહન્નક ! હે અપ્રાર્થિતપ્રાર્થક ! ખરેખર તને ન કલ્પે શીલવ્રત વિગેરે. તે પ્રમાણે યાવત્....ધર્મધ્યાનમાં તલ્લીન બની વિચરે છે.

ત્યારબાદ તે પિશાચ અરહન્નકને જ્યારે નિર્ગ્રંથપ્રવચનથી ચલાવવાને શક્તિમાન ન થયો ત્યારે તે ઉપશાંત યાવત્...ખેદીત થઇને ધીમેધીમે તે વહાણને પાણી ઉપર લાવી મૂકે છે. તે દૈવીપીશાચ શરીરને સંકેલે છે. સંકેલીને દિવ્ય દેવરૂપને વિકુર્વે છે. અંતરિક્ષમાં રહી ઘુઘરી સહિત યાવત્....ભષિત થઇને અરહન્નક શ્રમણોપાસકને આ પ્રમાણે કહે છે–હે અરહન્નક તું ધન્ય છે ! હે દેવાનુપ્રિય ! તારૂં યાવત્....જીવન સફલ છે કે જેથી તને નિર્ગ્રંથપ્રવચન આવા પ્રકારે મલ્યું છે-લબ્ધ થયું છે–પ્રાપ્ત થયું છે અને દરેક રીતે પરિણમ્યું છે.

હે દેવાનુપ્રિય ! ખરેખર શક્ર–દેવેંદ્ર દેવરાજા સૌધર્મ દેવલોકમાં સૌધર્માવતંસક વિમાનમાં સુધર્મા સભામાં ઘણા દેવોની વચ્ચે મોટા શબ્દથી કહે છે કે—એ રીતે ખરેખર જંબૂદ્વીપના ભારતવર્ષ ક્ષેત્રમાં ચંપાનગરીમાં અરહન્નક શ્રમણોપાસક જીવ–અજીવના ભેદોને જાણનાર છે, જેને કોઈ દેવ કે દાનવ નિર્ગ્રંથપ્રવચનથી ચલાવવાને યાવત્....વિપરીત પરિણામવાળો બનાવવાને શક્તિમાન થઇ શકે તેમ નથી. હે દેવાનુપ્રિય ! ત્યારે શક્રના આ કથનની મને શ્રદ્ધા થઇ નહીં–૦ ત્યારે મને આ પ્રકારનો માનસિક સંકલ્પ ( થયો કે ) જાઉં, અરહન્નક પાસે પ્રત્યક્ષ થાઉં અને હું જાણી લઉં કે અરહન્નક દૃઢધર્મી છે કે શિથિલધર્મી છે ? ધર્મમાં પ્રેમી છે કે ધર્મમાં અપ્રેમી છે ? શીલ–વ્રત–ગુણોને ચલાવે યાવત્....ત્યજી દે કે ન ત્યજી દે ? એ પ્રમાણે કરીને જોયું, જોઇને અવધિ મૂક્યું, અવધિ મૂકીને દેવાનુપ્રિયને અવધિથી જોયો. ઉત્તરપૂર્વમાં ઉત્તરવૈક્રિય,—૦, તે ઉત્કૃષ્ટ–(મતિવડે) જ્યાં લવણસમુદ્ર છે, જ્યાં દેવાનુપ્રિયો ( તમો) છે ત્યાં આવ્યો, આવીને દેવાનુપ્રિયને ઉપસર્ગ કર્યો. પણ હે દેવાનુપ્રિય !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ટ ૬૨ થી શરૂ )

રાજગૃહીના પાંચે પહાડોમાં એક **વૈભારગિરિ ઉપર જ સાતસો જીનમૂર્તિએ હતી એમ કવિરત્ન હંસસોમ પોતાની પૂર્વદેશીય ચૈત્યપરિપાટીમાં આપે છે.** ( તેમની મૂળ નોંધ આગળ આપીશ. ) કવિશ્રી જયવિજયજી વૈભારગિરિ ઉપર **૨૫ મંદિર,** વિપુલગિરિ ઉપર **૬ મંદિર,** ઉદયગિરિ ઉપર ૧ **ચૌમુખ** અને સોવનગિરિ ઉપર **પાંચ મંદિરોનો** ઉલ્લેખ પોતાની સમ્મેતશિખર તીર્થમાલામાં કરે છે. કવિશ્રી જયસાગરજી તો "ગિરિપંચે **દોઢ સો ચૈત્ય ત્રિણિસિં ત્રિણ બિંબ સમેત** " પાંચે પહાડ ઉપર ૧૫૦ **જિનમંદિર અને ૩૦૩ મૂર્તિઓ હોવાનું કહે** છે. જ્યારે શ્રીસૌભાગ્યવિજયજી તીર્થમાલામાં વૈભારગિરિ ઉપર **૫૨ મંદિર,** વિપુલાચલમાં ૮ **મંદિર,** રત્નગિરિમાં ૩ **મંદિર,** સુવર્ણગિરિમાં ૧૬ **અને ઉદયગિરિમાં ૧ જીનચૈત્યનો** ઉલ્લેખ કરે છે; તેમજ ગામમાં **૮૧ જીન પ્રાસાદ વર્ણવે છે.** જૂઓ " વસતિ એકમાંહિ વળી દેહરેરે **એકયાશીપ્રસાદ વષાણુરે** " ભૂતકાલિન ગૌરવાન્વિત સ્થિતિ અને વર્તમાન્ અધોગતિ જોઇ કોને દુઃખ નહિં થાય ? અહીં એક પણ શ્વેતાંબર શ્રાવકની વસ્તી નથી, આ ઓછા દુઃખની વાત છે ? પૂજારી પૂજા કરે અને મુનિમજી દેખરેખ રાખે. બસ આમાં જ વ્યવસ્થાપકો પોતાની કર્ત્તવ્યનિષ્ઠા બજાવી છે એમ માની રહ્યા છે. તીર્થોની સંભાળ રાખવાનો જ્યારે અમે ( શ્રાવકો ) દાવો કરીએ ત્યારે અમારી ( શ્રાવકોની ) ફરજ છે કે વ્યવસ્થા તદ્દન ચોકખી અને પ્રમાણિક હોવી જોઇએ. અજૈન પૂજારીઓને આપણા ભગવાનની પૂજાની કેવી દરકાર હોય તે કોનાથી અજાણ્યું છે ?

### જોવા લાયક સ્થાનો.

**રાજા શ્રેણીકનો ભંડાર**—આ ભંડાર અઢળક દ્રવ્યથી ભરપૂર છે એમ કહેવાય છે. આ ભંડાર તોડવા માટે અનેક રાજા–મહારાજાઓએ પ્રયત્ન કર્યા પણ બધાય ભગ્નમનો-

---

તું ડર્યો નહીં તેમજ—૦. જો જે શક્રદેવેંદ્ર દેવરાજ કહે છે, તે કથન સત્ય છે. મેં દેવાનુપ્રિયના ( તમારા ) ઋદ્ધિ, દ્યુતિ, યશ, યાવત્...પરાક્રમને જાણ્યા છે–પામ્યો છું–સારી રીતે પીછાણ્યા છે. ' હું ' દેવાનુપ્રિય 'ને ખમાવું છું, દેવાનુપ્રિય મને ક્ષમા આપે–મારા અપરાધ ક્ષમા કરે. હું ફરીફરીવાર એમ નહીં કરૂં, એમ વદી, હાથ જોડી, પગે પડી, આ પ્રસંગને વિનયપૂર્વક ફરીફરી ખમાવે છે. ખમાવીને અરહન્નકને બે કુંડલ જોડી આપે છે. આપીને (દેવ) જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં ચાલ્યો ગયો. (સૂત્ર ૬૯) (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રથી થયા. છેલ્લે બ્રિટીશ સરકારે તેને તોડવાનું બીડું ઉઠાવ્યું. તેની સામે તોપના મોરચા માંડ્યા, પણ થોડા ખાડા પથ્થર ઉપડવા સિવાય તેની કાંઇ અસર ન નીવડી. આ ખાડા અત્યારે પણ પ્રેક્ષકોને બતાવવામાં આવે છે. આમાં ન ફાવવાથી બ્હારના ભાગમાં લાકડાં ભરી આગ સળગાવી, જેની ગરમીથી થોડો સોનાનો રસ ઝરીને બહાર આવ્યો તે પણ અત્યારે બતાવાય છે, આવી રીતે આ રાજભંડાર હજુ તો અસ્પૃશ્ય જ રહ્યો છે. સરકાર વિફલ મનોરથવાળી થઇ જવાથી અન્તે ભંડાર તોડવાનું કામ પડતું મૂકવામાં આવેલ છે.

## નિર્માલ્ય કુઇ.

મહાપુણ્ય નિધાન શાલિભદ્રજીના પિતા દેવલોકમાંથી રોજ તેત્રીસ પેટી પુત્ર અને પુત્રવધૂઓ માટે મોકલાવતા. તે પુત્ર અને પુત્રવધૂ તે આભૂષણો—શ્રૃંગાર બીજે દિવસે ઉતારી આ કુવામાં નાંખતા જેથી આને નિર્માલ્ય કુવો કહેવામાં આવે છે. આ સ્થાને પુષ્કળ ધનમાલ કહેવામાં આવે છે. સરકારે થોડો પ્રયત્ન કરી જોયો. માણસો હથિયાર લઇ ખોદવા ગયા હતા, પરન્તુ ભ્રમરોના ઉત્પાતથી બધાને જીવ બચાવવા ચાલી નીકળવું પડ્યું એટલે તેમાં સફળતા ન મળી. અત્યારે તો તેને ચણાવી ઉપર પતરાથી મઢી લઇ ચોતરફથી લોઢાના સળીયાની વાડ કરી સ્થાનને સુરક્ષિત બનાવી દીધું છે. કોઇને અંદર જોવાનો સમય પણ નથી મળતો.

આ સિવાય વીરપોષાલ, નંદનમણિયારની વાવ, પાલી લીપીનો લેખ તથા જરાસંધ-નો કિલ્લો આદિ જોવાનાં ઘણાં સ્થાનો છે.

આ સ્થાનને જૈનોએ પરમતીર્થ માન્યું છે તેમ બીજાઓએ પણ પોતાના તીર્થ બનાવ્યાં છે—સ્થાપ્યાં છે. રાજગૃહીની બહાર બૌદ્ધોએ નવો વિહાર—મઠ સ્થાપ્યો છે. મુસલમાનોની મોટી કબર છે-મસિદ છે ત્યાં મેળો ભરાય છે અને બ્રાહ્મણો પણ એક કુંડ પાસેના સ્થાનમાં મકરસંક્રાન્તિ, રામનવમી ઉપર મોટો મેળો ભરે છે. અહીં હિન્દુ-મુસલમાન બધાય તીર્થ માને છે.

કવિ શ્રીહંસસોમ રાજગૃહીનું ભૂતકાલિન વર્ણન આ પ્રમાણે આપે છે:—

રાજગૃહપુર નયણે દીઠ તત ખિણહીઅડઇ અમી પઇઠઉં પૂરવ પુણ્ય સંભાર;<br>
ચઉદ કુંડઉન્હવઇ જલ ભરીઆં અંગ પખાલી પાજઈ ચઢીઆં પુહુતી **ગિરિ વૈભાર** (૧૪)<br>
તે ઉપરી **ચૌવીસ પ્રાસાદ** દેવલોક સ્યું મંડઇ વાદ દેહરી ઝાકઝમાલ;<br>
મૂલનાયક **મુનિસુવ્રત**સામિ દરિસણ ભવિઆ આણંદ પામી પૂજ રચઇ સુવિશાલ (૧૫)<br>
**સઘલે દેહરે સાત સઈ દેવ** સુરનર કિંનર સારઇ સેવ, આગલિ મોટઉં શૃંગ;<br>
અરાધકોસ તે ઉંચો સુણીંઈ ઇગ્યારઇં ગણધર **તિહાં** થુણીઈ વાંદી જઇ ધરી રંગ (૧૬)<br>
રોહણીઆની ગુફા જવ દીઠી પુસ્તકવાત હુઇ સવિ મીઠી, અઠ્ઠોત્તર સો બાર;<br>
જાત્રા કરી સારિયા સવિ કામ આગલિ ધન્નાસાલિભદ્ર ઠામ કાઉસ્સગ્ગીયા બે હું સાર (૧૭)<br>
વૈભારગિરિ હુંતી ઉતરીઈ જઇ **વિપુલગિરિ** ઉપરરિ ચઢીઇ ભેટીયા પાસજીણંદ;<br>
છઈ પ્રાસાદઈ પૂજ કરી નઇ સાહમે **ઉદયગિરિ** દેખીનઇ ચઉમુખ નમું નરિંદ. (૧૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સોવનગિરિ** નયણે નિહાલું પાપપંક સવિ દૂરિ ટાલું **જોઉં નયરવિલાસ;**
શ્રેણિકસાલિભદ્રધનાવાસ ગ્રહણુઈ ભરિઓાં કૂઉ પાસ દેખૂં વીરપોષાલ. (૧૯)

( પૃષ્ટ. ૧૬ )

**વૈભાર, વિપુલગિરિ,** ઉદયગિરિ **સુવર્ણ, રતનગિરિ**સદય;
વૈભાર ઉપર નિશદીશ ધર વસતાં **સહસ છત્રીસ.** (૧૭)

ગિરિ પંચે **હઓાઢસો** ચૈત્ય **ત્રિણિસં ત્રિણ** બિંબ સમેત;
સીધા ગણધર જીહાં ઇગ્યાર વંદુ તપસપદ આકાર. (૧૮)

× × × × × ×

( વસ્તુ )

વૈભાર ગિરિવર વૈભાર ગિરિવર ઉપરિ ઉદાર,
શ્રીજીનબિંબ સોહામણાં એક સો **પંચાસ** થુણીઇ:
નવ વિપુલગિરિ ઉપરઈ ઉદયગિરિ સિરિ ચ્યાર રીભણીઈ,
**વીસ સોવન**ગિરિ ઉપરઇ **રયણગિરિ સિરિપંચ;**
રિષભ જીણેસર પૂજી થઇ રાજગૃહી રોમાંચ. ૬૬

( જયાવજયકૃત સમેતશિખર તીર્થાવલી પૃ–૩૦ )

આવી રીતે અનેક જીનમંદિરોથી અહીંના પાંચે પહાડો વિભૂષિત હતા. આની ભૂતકાલિન અને વર્તમાન સ્થિતિ સરખાવી દરેક જૈને તેમાંથી બોધ લેવાની જરૂર છે.

## ગુણાયાજી

રાજગૃહીથી વિહાર કરી પહાડને રસ્તે ૧૨ માઇલ દૂર ગુણાયાજી છે. પાવાપુરીથી સિધે રસ્તે ચૌદ માઇલ થાય છે. સીધો મોટરરોડ છે, તેમજ રાજગૃહીથી કાચી સડકે થઇને જતાં લગભગ ૧૩ થી ૧૪ માઇલ થાય છે. રસ્તામાં જતાં જેમ જેમ દૂર જઇએ છીએ અને પહાડ ઉપરનાં મંદિરો અવારનવાર દેખાય છે અને પાછાં અદશ્ય થાય છે. જાણે આકાશના તારા ઝબક–ઝબક કરતા દેખાય અને વળી એકાદ વાદળી આવતાં અદશ્ય થાય તેવું દેખાય છે. ગુણાયાજીમાં ભગવાન્ મહાવીર અને ગૌતમસ્વામી ઘણીવાર પધાર્યા છે–પોતાની પાદરેણુથી આ સ્થાનને પૂનિત બનાવેલ છે. રાજગૃહીના ગુણ **શીલચૈત્યઉદ્યાન** તરીકે આનો ઉલ્લેખ જૈન ગ્રંથોમાં મળી આવે છે. અત્યારે તળાવની વચમાં સુંદર જીનમંદિર છે. પાવાપુરીના જળમંદિરનું અનુકરણ કરવામાં આવ્યું છે, પરન્તુ જોઇએ તેવી સફળતા નથી મળી. તળાવ બહુ જ નાનું અને છીછરૂં છે. ચોમાસામાં જલ ભરાય છે અને શિયાળામાંજ સુકાવા માંડે છે. માછલાં અને બીજા અનેક જીવોને અત્યન્ત ત્રાસ અને દુઃખ થાય છે. દિગંબર મહાનુભાવોએ પોતાના જાતિસ્વભાવ મુજબ આના હક્ક માટે પ્રશ્ન–ઝઘડો ઉઠાવેલ, તેમાં ન ફાવવાથી ત્યાંના જમીનદારને ઉશ્કેરી શ્વેતાંબર જૈનો વિરૂદ્ધ કેસ મંડાવ્યો; અને તેનું જલ ત્યાંના ખેતરોમાં ખેંચાવી લઇ તળાવનું પાણી ઓછું કરાવ્યું. જોકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મપરિણામાદિની મૂકેલી સાત રાક્ષસીઓનું સ્વરૂપ.

( શ્રી નિર્મળાચાર્ય કેવળીભગવાને ગુણધારણ રાજાને આપેલો ઉપદેશ. )

સંગ્રાહક—સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી-સિદ્ધક્ષેત્ર

રાજન્ ! આ મનુષ્ય જીવન અનેક વિપત્તિઓથી ઘેરાયેલું જ રહે છે, તેમાં **જરા**, રોગ, મરણ, ખલતા, કુરૂપતા, દરિદ્રતા અને દુર્ભાગિતાદિ સાત રાક્ષસીઓ કર્મપરિણામાદિ તરફથી મોકલાયેલી છતી, જીવોને નિરંતર વારાફરતી આંતરે–આંતરે ઉપદ્રવ કર્યા કરે છે. આ શક્તિઓ વિશ્વના સર્વ પ્રાણીઓ ઉપર

---

પરિણામ તો શૂન્ય જ આવ્યું છે, પણ ઝઘડામાંથી ઉંચા આવીયે ત્યારે જ વ્યવસ્થા કરી શકાય ને ? નહિં તો ગુણાયાજીમાં તો દિગંબરોનું મંદિર તળાવથી બહુ દૂર અને તેના માપથી પણ દૂર છે, છતાં ય **સબ મેં હમેરી લગતી હૈ**ની કહેવત ચરિતાર્થ કરે ત્યાં શું કરવું ?

મંદિરમાં જવા માટે સુંદર પાજ બાંધેલી છે. મંદિરમાં મૂળનાયક તરીકે અન્તિમ તીર્થંકર શ્રી મહાવીરપ્રભુની મૂર્તિ બિરાજમાન છે. બાજુમાં વીરપ્રભુની પાદુકા તથા શ્રી ગૌતમગણધરની પાદુકા છે. બન્નેમાં અનુક્રમે ૧૬૮૬–૧૬૮૮ ના શિલાલેખ છે. અગ્નિખુણાની છત્રીમાં વીશ તીર્થંકરની પાદુકા છે; વાયવ્યખુણાની છત્રીમાં નેમિનાથજીની પાદુકા છે; નૈઋત્યખુણાની છત્રીમાં ઋષભદેવપ્રભુની પાદુકા છે અને ઇશાનખુણાની છત્રીમાં વાસુપૂજ્યસ્વામીની પાદુકા છે આનો જીર્ણોદ્ધાર શ્વેતાંબરી આગેવાન રાયબહાદુર બાબુ ધનપતિસિંહજીએ કરાવેલ છે. આ તીર્થનો વહીવટ શ્વેતાંબર પેઢી તરફથી બાબુ ધન્નુલાલજી સૂચન્તિ કરે છે. અહીં એક મુનીમ અને પૂજારી રહે છે. સુંદર ધર્મશાળા છે. સ્થાન રમણીય છે. અહીંથી ગામ દૂર છે. યાત્રાળુઓએ સાધન સહિત જ આવવું. અત્યારે દોડધામના જમાનામાં યાત્રીઓ મોટરમાં આવે–જાય છે એટલે અહીં તો દર્શન કરી ચાલ્યા જાય છે. કોઇક વળી ઉતાવળે પૂજા કરે છે પણ અહીં રહેનાર થોડા યાત્રી હોય છે; પરન્તુ તે ઠીક નથી થતું. અહીંથી બે માઇલ દૂર નવાદા સ્ટેશન છે, તાર ઓફીસ અને પોષ્ટઓફીસ પણ ત્યાં જ છે. આવી રીતે પૂર્વદેશની પંચતીર્થીની યાત્રા કરી અમે શીખરજી તરફ વિહાર કર્યો. અહીંથી દક્ષિણઅગ્નિમાં કોડારમાં અને ગીરડી થઇને શીખરજી ( મધુવન ) ૧૩૦ માઇલ દૂર છે. વચમાં કાચી સડક અને પાકી સડક પણ આવે છે; તેમજ અહીંથી પૂર્વમાં વીરપ્રભુનું જન્મસ્થાન ક્ષત્રિયકુંડ ૩૬ માઇલ દૂર થાય છે. સીધી મોટર સડક છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોડે કે વિશેષ ભાગે કામ કરી રહેલી છે. જીવો તેના નામથી ધ્રૂજી ઉઠે છે અને તેના ભયંકર દેખાવથી કંપી ઉઠે છે. ઉક્ત સાતે રાક્ષસીઓનું સ્વરૂપ હવે કંઇક સવિસ્તર કહેવામાં આવે છે.

**જરા**—૧. કર્મપરિણામ રાજાની કાળપરિણતી રાણી તરફથી આ જરા રાક્ષસીને વિશ્વમાં મોકલવામાં આવે છે. કર્મના પરિણામો તેની કાળની સ્થિતિને આધિન હોવાથી કાળ આવી પહોંચતાં વૃદ્ધાવસ્થા પ્રગટ થાય છે. એના આવવાથી શરીરમાંથી રૂપ, વર્ણ, લાવણ્યતા અને બળ ઘટી જાય છે, મગજ નબળું પડે છે, શરીરમાં કડચલીઓ પડે છે, વાળ ધોળા થાય છે કે ઉડી જાય છે, કેડ અને છાતી વાંકી વળી જાય છે, અવયવો શિથિલ થાય છે અને ધ્રૂજવા માંડે છે; શોક, મોહ, રાંકતા, ચાલવાની અશક્તિ, દાંતનું પડવું, ઇન્દ્રિયોની મંદગતિ અને સાંધાદિનું અટકી જવાપણું કે રહી જવાપણું આ સર્વ વૃદ્ધાવસ્થાનો પરિવાર છે. વૃદ્ધાવસ્થા પોતાના આ પરિવારને સાથે લઇને આવી પહોંચે છે. જીવનશક્તિની મંદતા થતાં વાત–પિત્ત–કફનું જોર વધે છે, જઠરા મંદ પડે છે, આ જરા મનુષ્ય જીવનના કટ્ટા દુશ્મનની ગરજ સારે છે, યુવાવસ્થામાં જે બળ, શક્તિ, સુંદરતા, હાસ્ય, ચેષ્ટા, પ્રવૃત્તિ, ગતિ, અભિમાન, સાહસ, ઉદ્ધતાઇ, કામવાસના અને વિવિધ આવેશો હતા તે સર્વનો થોડે કે ઝાઝે અંશે આ જરા નાશ કરે છે. યૌવન હત–પ્રહત થઇને નાશી જતાં તેના સ્થાને આ **જરા** શરીરમાં નિવાસ કરી રહે છે.

આ સ્થિતિમાં જીવનો ઉત્સાહ મંદ પડે છે, તેથી તે ગરીબ રાંક જેવો બને છે. તેની સ્ત્રીઓ હવે તેને ચાહતી નથી, પ્રસંગે તિરસ્કાર પણ કરે છે, કુટુંબમાં તેનું ચલણ રહેતું નથી, તેનું કહેવું લોકો ભાગ્યે જ માને છે, બાળકો મશ્કરી કરે છે, યુવાન સ્ત્રીઓ અનાદરથી જુવે છે, શ્વાસ ચડે છે, ઉધરસ વારંવાર આવે છે, ગરમી શરીરમાંથી ઘટતાં મજાગરા ઢીલા પડે છે, તેને લીધે નાસિકાદિ છિદ્રોમાંથી અનિયમિત રીતે રસ–પ્રવાહ ઝરે છે, અનાદર થવાથી પિત્ત ઉછળતાં ક્રોધ વધે છે, શક્તિ મંદ પડતાં કફ જામે છે, છેવટે પેટલાદ-પુરીમાં હડતાલ પડતાં જીવને ઉચાળા ભરી, સદાને માટે આ દેહપુરી ખાલી કરી બીજા દેહમાં જવું પડે છે. ( આવી દુઃખદાયી જરાથી કાયા જાજરી ન થાય ત્યાંસુધીમાં આત્માર્થી જીવોએ પ્રમાદ તજીને ધર્મસાધન કરવામાં ઉજ-માળ થવું જોઇએ. )

**રૂજા**—( રોગ ) ૨. રાજન્ ! અશાતાવેદનીય રાજાની પ્રેરણાથી આ વ્યાધિ નામની રાક્ષસી પ્રાણીઓના શરીર ઉપર હલ્લો કરે છે. વ્યાધિને આવવાનું આ મુખ્ય કારણ છે. બાકી તો અનેક નિમિત્તોથી તે રોગ પ્રગટ થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. લોકો અજીર્ણથી, શરદીમાં ફરવાથી, તાપમાં ચાલવાથી, ઠંડીના પ્રદેશમાં જવાથી, મેલેરીયાના જંતુથી, ચેપી રોગવાળાની સારવારથી, વાત, પિત્ત, કફની વિષમતાથી, વ્હાલાના વિયોગથી, અંગત ચિંતાથી, પૈસા જવાથી એમ રોગ લાગુ પડવાના અનેક કારણો બતાવે છે, છતાં તે બધાં નિમિત્ત કારણ છે. ઉપદાનકારણ તો અશાતાવેદનીયનો ઉદય છે. તે બાહ્ય કારણને પ્રેરણા કરે છે અને રોગ પ્રગટે છે. યોગીની માફક વ્યાધિ પરકાય-પ્રવેશ ઝડપથી કરી શકે છે. પછી શરીરની તંદુરસ્તી અને સ્વસ્થતાનો નાશ કરે છે. તાવ, અતિસાર, કોઢ, હરસ, પરમીઓ, બરોલ, પિત્તપ્રકોપ સંગ્રહણી, શૂળ, હેડકી, શ્વાસ, ક્ષય, વાઇ, વાનો ગોળો, હૃદયરોગ, કોઢ, અરૂચિ, ભગંદર, કંઠમાળ, જલોદર, સંનિપાત, આંખ, માથા અને કર્ણના રોગ વિગેરે ઉત્પન્ન થાય છે. આ બધો રૂજા-વ્યાધિનો પરિવાર છે. આના ઉપર વિજય મેળવવો હવે મુશ્કેલ થઇ પડે છે.

શાતાવેદનીયના સુખનો અનુભવ કરતાં શરીરનો સુંદર વર્ણ, મહાન્ બળ સૌંદર્યતા, ઉત્તમ બુદ્ધિ, પ્રબળ ધીરજ, સ્મરણશક્તિ, દરેક કાર્યમાં પ્રવીણતા ઇત્યાદિનો જીવ અનુભવ કરે છે. તે સર્વનો આ રોગ ક્ષણમાત્રમાં નાશ કરી દઇ શરીરમાં પીડા ઉત્પન્ન કરે છે. આ વ્યાધિ રાક્ષસી વળગતાં જ જીવો ચીસો પાડે છે, દીન સ્વરે રડે છે, ઉંડા નિસાસા નાખે છે, વિહ્વળ થઇ બરાડા પાડે છે, જમીન પર આળોટે છે, અચેતનની માફક પથારીમાં પડ્યો રહે છે. આ માંદગીના પ્રસંગે જીવ દિલગીર થાય છે અને કેટલાક જીવો તો જીવતાં આંહી જ નારકીના જેવી વેદના અનુભવે છે.

આ પ્રમાણે ભવચક્રના જીવોની નિરોગિતાનો નાશ કરીને આ **રૂજા** રાક્ષસી જીવને અનેક પ્રકારે પીડા કરે છે. ( જ્યાંસુધીમાં આ રૂજા રાક્ષસી દૂર રહી હોય ત્યાંસુધીમાં સુખના અર્થીજનોએ ધર્મસાધન જરૂર કરી લેવું જોઇએ. )

**મૃતિ**—૩. રાજન્ ! આ ત્રીજી રાક્ષસીનું નામ મૃતિ-મરણ છે. તેણે આખા ભવચક્રને પોતાના પગ તળે કચરી નાંખ્યું છે. એવો કોઇ દેહધારી જીવ નથી કે તેના ઉપર આ મરણનું જોર ચાલતું ન હોય ? આયુષ્યકર્મ રાજાના આયુષ્યક્ષય નામના સુભટે તેને વિશ્વમાં મોકલાવેલ છે. આશય એ છે કે આયુષ્યક્ષયથી બધા જીવો મરણને શરણ થાય છે કે દેહથી જુદા પડે છે.

લોકો કહે છે કે ઝેર ખાવાથી, શસ્ત્રના ઘાથી, અગ્નિથી, પાણીમાં ડુબવાથી, પર્વત પરથી પડવાથી, ભયથી, ભૂખથી, વ્યાધિથી, તૃષાથી, ઠંડીથી, ગરમીથી, પરિશ્રમથી, સર્પદંશથી, અપચાથી, વ્હાલાના વિયોગથી, પછડાવાથી અને શ્વાસોશ્વાસ રોકાઇ જવાથી અમુક મરણ પામ્યોઃ પણ આ બધા નિમિત્ત કારણો છે. તેનું ઉપાદાન ( મૂલ તાત્ત્વિક ) કારણ તો આયુષ્યનો ક્ષય જ છે અને તે જ આવાં નિમિત્તો મેળવી આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ **મૃતિ** આવતાં વેંત જ શ્વાસ અટકાવી દે છે, બોલવાનું બંધ કરે છે, શરીરની ચેષ્ટાઓ શાંત કરે છે, લોહીનું ફરવું બંધ પાડે છે, મુખ અને શરીરમાં વિકૃતિ પેદા કરી લાકડા જેવું બનાવી દે છે, વધારે વખત શરીર પડયું રહે તો તેમાં દુર્ગંધ ઉત્પન્ન કરે છે. આમ આ મૃતિ જીવને આ દેહ માટે તો લાંબી નિદ્રામાં સુવાડી દે છે. બીજી રાક્ષસીઓને પોતાની સહાયમાં મોટો પરિવાર હોય છે, પણ આ રાક્ષસી તો બહુ બળવાન છે કે પોતે એકલી જ આખા વિશ્વમાં ફરીવળીને જીવોને દેહથી જુદા પાડી દે છે. આ મૂર્તિની આગળ ઇન્દ્ર અને ચક્રવર્તી જેવા બળવાન જીવો પણ ત્રાસ પોકારે છે. ક્ષાત્રતેજવાળા રાણા-મહારાણા, રાજા-મહારાજા અને શ્રીમંત-ધનાઢ્યો પણ આ મરણ આવ્યું તે સાંભળતાં જ ધ્રૂજી ઉઠે છે. આવી બળવાન મૃતિને પરિવારની શી જરૂર હોય? એ મૃતિ મરજી આવે ત્યાં વિચરે છે, તેને કોઇની દરકાર નથી, તેનામાં દયા નથી, લાંચ-રૂશ્વત કે સપારસ તેની આગળ કામ આવતાં નથી. તે તો રાજા કે રંક, ચક્રવર્તી કે ભિખારી, દેવ કે દાનવ, યુવાન, બાળ કે વૃદ્ધ, સુખી કે દુઃખી, શુરવીર કે કાયર, દાનેશ્વરી કે લોભી, તપસ્વી કે ભોગી સર્વના ઉપર તે પોતાનો એકસરખો સપાટો ચલાવે છે.

આયુષ્યકર્મ રાજાની **જીવિકા**—જીવન નામની સ્ત્રી છે, તે જીવો તરફ બહુ જ માયાળુપણે વર્તે છે. સર્વ જીવોને વ્હાલી અને આનંદ દેનારી તે છે. તેના પ્રતાપથી જીવો પોતાના દેહ સ્થાનમાં સુખે રહે છે. તે જીવિકાને મારી નાખી, અરે! કેટલીકવાર તો અકાળે તેનું ખુન કરી, આ ભયંકર મૂર્તિરૂપ રાક્ષસી તેના જીવને બીજે ધકેલી મૂકે છે કે તે દેહમાં પાછો ન આવે, અરે! શોધ્યો પણ ન જડે ત્યાં મોકલી દે છે. આ મૃતિના આદેશથી બીજી જગ્યાએ જતાં, તે જીવ પોતાના માનેલા અને સંગ્રહ કરેલાં ધન, ઘરબાર, જમીન, રાજ્ય, સ્ત્રી પુત્રાદિ સંબંધીઓ બધાં અહિં જ પડતાં મૂકે છે, અને આ જીવનમાં પેદા કરેલ પુન્ય-પાપરૂપ બે વસ્તુઓ જ સાથે લઇ જાય છે, જેમાંથી તે જન્મમાં સુખ-દુઃખ અનુભવે છે. પાછળ મૂકી ગયેલા સંબંધીઓ થોડા વખત માટે રડવાકુટવાની ધમાલ કરી પોતપોતાના કામે લાગી જાય છે. મરનારની મિલ્કતના ભાગલા પાડી પોતાના સુખ માટે બીજાનો આશ્રય લઇ આનંદ કરવામાં મરનારને ભૂલી જાય છે. ધનાદિ સંગ્રહ કરવામાં બાંધેલા પાપનો અનુભવ તે જીવને એકલાને કરવો પડે છે. મરનારના દુઃખમાં ભાગ લેવાને ત્યાં કોઇ જતું નથી. આવી ત્રાસદાયક સ્થિતિ મૃતિ નામની ત્રીજી પિશાચિનીની છે. ( એ ત્રાસદાયક સ્થિતિમાં મૂકાયા પહેલાં જ આત્માર્થી જીવોએ ચેતીને આત્મસાધન કરી લેવું જોઇએ. ) ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આ. વિજયવલ્લભસૂરિજીનું આત્મનિવેદન.

આ વર્ષે સાંવત્સરિક પર્વ નિમિત્તે આત્મવિચારણા કરતાં સંઘ અને શાસનપરત્વે પણ કેટલાક વિચારો આવ્યા, તેમાંથી થોડો ભાગ જે મારા પોતાના આત્મા અને સંઘ સાથે સંબંધ ધરાવે છે તેટલો સંઘ સમક્ષ મૂકવા ઇચ્છું છું. જો તેમાં કોઇને સમભાવ અને સત્ય દેખાય તો તે ઉપર વિચાર કરે. આજકાલ આખા જૈન સંઘમાં કલેશ અને કંકાસનું વાતાવરણ ચોમેર ફેલાઇ રહ્યું છે અને તે દિવસેદિવસે ઉગ્ર બનતું જાય છે. દરેક પક્ષકાર સામા પક્ષ ઉપર બધો જ દોષ નાખવા પ્રયત્ન કરે છે, અને સામો પક્ષ પણ એજ રીતે કરે છે. પરિણામે કોઇ પોતાના દોષ તરફ અને બીજાના ગુણ તરફ લક્ષ આપતું નથી. સૌને બીજાના દોષો જ અને પોતાના ગુણો જ દેખાય છે. આ સ્થિતિ ચોમેર વર્તે છે.

સંઘમાં વર્ત્તતા કલેશને અંગે કેટલાક ધર્મી ગૃહસ્થો જ્યારે પ્રસંગ આવે ત્યારે મને પણ કહે છે કે—સંઘમાં શાંતિ સ્થપાવી જોઇએ અને તેઓ મને વિનવે છે કે આપ આ કલેશ દૂર કરવા કાંઇ કરો.

ધર્માત્મા અને સરળ ચિત્તવાળા આવા ભાઇઓની વાત ઉપર હું વિચાર કરૂં છું ત્યારે છેવટે મને એમ જ લાગે છે કે—આ બાબતમાં હું મારા "આત્મનિવેદન" સિવાય શું કરી શકું ? કાંઇ સૌના ઉપર અધિકાર ચાલતો નથી, તેમ સૌ એક પ્રકૃતિના હોઇ શકે પણ નહિ; તેથી મને મારા પોતાના વિષેજ કાંઇ કરી શકવાનો કે કહેવાનો હક્ક રહે છે.

જૈન સંઘમાં વર્ત્તતા કે વધતા કોઇપણ જાતના કલેશમાં હું નિમિત્ત થાતો હોઉં એવું મારી જાણમાં આવતું નથી. પ્રયત્ન તો એ વિષે હોય જ ક્યાંથી ? છતાં એવો પણ સંભવ છે કે—જે વસ્તુ મારા લક્ષમાં ન હોય કે ન આવતી હોય તે બીજાઓના લક્ષમાં આવે, તેથી આ બાબત મને એક જ માર્ગ અત્યારે સૂઝે છે અને તે કોઇપણ રીતે નુકશાનકારક નથી. કદાચ બીજાઓને પણ તે અનુકરણ કરવા જેવો બને. તે માર્ગ આ છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" ન્યાયાંભોનિધિ જગદ્વિખ્યાત પરમ ગુરૂદેવશ્રી ૧૦૦૮ શ્રી વિજયાનંદ સૂરીશ્વરજીના હસ્તદીક્ષિત અને અમારા સંઘાડામાં અતિમાન્ય વયોવૃદ્ધ એવા બે મુનિવરો છે, જેમને હું પૂજ્ય ગણું છું અને જેમના માટે જૈન સંઘના મોટામાં મોટા ભાગનો આદર છે. તે બે પ્રવર્ત્તક શ્રી ૧૦૮ શ્રી કાંતિવિજયજી મહારાજ અને શાંતમૂર્ત્તિ શ્રી ૧૦૮ શ્રીહંસવિજયજી મહારાજ છે. આ બે સિવાય વિદ્વાન્ પ્રતિભાસંપન્ન અને પ્રભાવશાલી આચાર્યશ્રી ૧૦૮ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ અને શ્રી ૧૦૮ શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ છે, કે જેઓ તદ્દન નિષ્પક્ષ અને કોઇના ય પ્રભાવથી અંજાય તેવા નથી. આ ચાર સ્થવિરોને હું મારા તરફથી એમ વિનવું છું કે—તેઓ એકત્ર મળીને અગર પત્ર-વ્યવહાર કરીને જો હું કાંઇ ભૂલ કરતો હોઉં તો તે વિષે વિચાર ચલાવે. તેમને એ વિચારને પરિણામે આ સંઘ–કલેશની બાબતમાં જો કાંઇ મારી ભૂલ દેખાય તો તેઓ મને સૂચવે.

હું શ્રીસંઘને ખાત્રી આપું છું કે—ઉક્ત ચાર સ્થવિરોની એકમતિથી કે બહુમતિથી પણ મને મારી કાંઇપણ ખામી જણાવવામાં આવશે તો હું તેના ઉપર શ્રદ્ધાપૂર્વક અને ઉદારતાથી વિચાર કરીશ અને મારી એ ખામી જો મને ભાસી તો ખુલ્લંખુલ્લા એનો હું એકરાર કરીશ; એટલું જ નહિ પણ મારા પોતાના તરફથી એને દૂર કરવા હું બનતું કરીશ.

હું સમજું છું કે—પરિમિત શક્તિવાળો કોઇપણ, પછી ભલે તે આચાર્યપદધારક હોય, છતાં સમગ્ર સંઘપરત્વે આથી વધારે શું કરી શકે ?

બાકી હું તો મારા પોતાથી બનતી શાસનસેવા અને સંઘનું હિત સાધી શકાય તેટલું સાધું છું અને સાધતો રહીશ એમાં કોઇને ય કહેવાપણું નહિ રહે.

**શ્રીસંઘનો દાસ વલ્લભવિજય.**

**સાદરી** ( મારવાડ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

( ગતાંક પૃષ્ઠ ૪૫ થી ચાલુ )

અનુ૦—વિઠ્ઠલદાસ મૂ. શાહ.

આ જગતમાં સંસ્કૃતિરૂપી સિન્ધુનો પાર પામવા માટે વિપરીત આચરણ કરનાર મનને વશીભૂત કરવા સિવાય અન્ય કશું સાધન નથી. તે જ પુરૂષ મોક્ષનો અધિકારી થઇ શકે છે કે જે અશુદ્ધ વાસનાઓ તથા કામનાઓથી યુક્ત મનરૂપી સર્પને વશીભૂત કરે છે.

જો આપણે મનને દુઃખ આપનાર અહંકારને નષ્ટ કરી દઇએ અને ઇંદ્રિયરૂપી રિપુઓપર વિજય પ્રાપ્ત કરી લઇએ તો હમેશાં જાગૃત રહેનાર વાસના શાન્ત થઇ જાય છે.

કૂટનીતિ ( દંભ ), મિથ્યાચાર, દગો, લોભ અને તૃષ્ણા એ બધાનો ઘનિષ્ટ સંબંધ હોય છે. એ બધા એક જ પરિવારની વ્યક્તિઓ છે. કૂટનીતિ લોભની સંતતિ છે મિથ્યાચાર દંભમાંથી ઉત્પન્ન થાય છે. મિથ્યાચારની સાથે જ દંભ રહે છે. તૃષ્ણા દંભની જનની છે. દંભ પોતાના પુત્ર મિથ્યાચારથી તથા પોતાના માતાપિતા–લોભ તથા તૃષ્ણાથી એક મિનિટ પણ અલગ નથી રહી શકતો. જ્યાં સુધી વિષયેચ્છા હોય છે ત્યાં સુધી દ્રવ્યનો લોભ પણ હોય છે. દ્રવ્ય વગર ભોગ ક્યાંથી થઇ શકે ? દ્રવ્યને નિમિત્તે દંભ ધારણ કરવો પડે છે, જુઠું બોલવું પડે છે અને બીજાને ઠગવા પડે છે. ભોગની પ્રવૃત્તિ જ એનું મૂળ કારણ છે. કૂટનીતિ અને મિથ્યાચાર એ બન્ને લોભ તથા દ્વેષના જૂના મિત્રો છે.

સુખ તથા દુઃખ, સુંદરતા તથા અસુંદરતા સર્વ મનની મિથ્યા કલ્પનાઓ છે. મન એક મિથ્યા ભ્રમાત્મક વસ્તુ છે, એથી મનની ભાવનાઓ પણ મિથ્યા થશે. તે સર્વ મૃગતૃષ્ણા છે. જે કંઇ આપણને સુંદર લાગે છે તે બીજાને અસુન્દર લાગે છે. સુન્દરતા તથા અસુન્દરતા પરસ્પરાપેક્ષિત છે. ભારતવર્ષમાં એક એવું સ્થળ છે કે જ્યાં મોટી ગર્દનવાળી છોકરીઓ અતિસુંદર ગણાય છે. તે સ્થાન ગર્દન મોટી બનાવવા માટે પ્રસિદ્ધ છે. કોઇની ગર્દન એવી નથી હોતી તો તે અત્યંત કદરૂપી ગણાય છે. આવી મૂઢતાથી યુક્ત માનવ–સ્વભાવની કલ્પના કરી શકો છો ? સુંદરતા કેવળ માનસિક કલ્પના છે. કેવળ સભ્ય પુરૂષ જ સુંદર આકાર–પ્રકાર, મનોહર ગતિ તથા લલિત ભાવ વગેરે વિષયની વાતો કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે. આફ્રિકાના હબશી લોકોમાં એ વિષયોની કોઇ ભાવના જ નથી હોતી. વાસ્તવિક સૌંદર્ય તો આત્મામાં જ છે. સુખ અને સૌંદર્ય મનમાં રહે છે, વિષયોમાં નહિ. કેરી મીઠી નથી, કેરીની ભાવના મીઠી છે. એ સર્વ વૃત્તિઓ છે, માનસિક ભ્રમ છે, માનસિક કલ્પના છે, માનસિક સૃષ્ટિ છે. વૃત્તિઓનો નાશ કરો, સૌંદર્ય લુપ્ત થઇ જશે. પતિ પોતાની કુરૂપવતી સ્ત્રીમાં સૌન્દર્યની ભાવનાનો પ્રસાર કરે છે અને વાસનાદ્વારા પોતાની સ્ત્રીમાં સૌંદર્યની અધિકતાનો અનુભવ કરે છે.

જ્યારે આપણે કોઈ નવા પ્રભાવોત્પાદક સમાચાર સાંભળીએ છીએ ત્યારે ચકિત થઇ જઇએ છીએ, અથવા જ્યારે આપણે કોઇ નવું દૃશ્ય જોઇએ છીએ ત્યારે મુગ્ધ થઇ જઇએ છીએ. એ વ્યવસ્થાત્મક છે. એ વાત ખાસ કરીને નવી ભાવનાઓને કારણે થાય છે. મન ચક્રાકારમાં પોતાની જૂની, સંકુચિત પ્રણાલીમાં દોડ્યા કરે છે. નવીન ભાવનાઓ ગ્રહણ કરવાનું મનને માટે ઘણું કઠિન છે. ભાવનાને એ ચક્રની સમીપ રાખો. તે ધીમે ધીમે એને ગ્રહણ કરી લેશે. પ્રારંભમાં તેને ગ્રહણ કરવામાં તે ભયાનક વિદ્રોહ કરશે, પણ પછીથી તે તેની અંદર લીન અને તદાકાર થઇ જશે. જ્યારે તમારી તર્કશક્તિ વધતી હોય છે, જ્યારે અધ્યયનથી તમે અધિકાધિક બુદ્ધિમાન થતા હો, જ્યારે તમે સત્સંગ કરતા હો, ધ્યાન ધરતા હો ત્યારે તમારૂં મન નવા, સ્વસ્થ અને યુક્તિયુક્ત ભાવો ગ્રહણ કરવા માટે પુરેપુરૂં તૈયાર થઇ જાય છે અને જૂના જીર્ણશીર્ણ ભાવો દૂર હઠાવે છે. મનની એ જ સ્વસ્થ વૃદ્ધિ છે.

મનોલયમાં મનનું પુનરૂત્થાન થાય છે. મનોનાશમાં મનનું પુનરૂત્થાન નથી થતું. જ્ઞાનની પ્રાપ્તિ માટે મનોલય પર્યાપ્ત નથી. બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટે મનોનાશ આવશ્યક છે. મનોનાશનો અર્થ એ છે કે મનના વર્તમાન સ્વરૂપનો નાશ કરી નાખવો, જે આત્માનો શરીરની સાથે અભેદ કરે છે, તેના મૃત્યુનો વાસ્તવિક અર્થ એ છે કે તેનું રૂપાન્તર એવી રીતે થાય કે તેના સ્થાનમાં દૈવી ચેતનાનો આવિર્ભાવ થાય.

આધ્યાત્મિક ગ્રન્થોના સ્વાધ્યાયમાં જેને રૂચિ હોય છે તે તત્કાળ ફલપ્રાપ્તિની કામના નથી કરતો, પરંતુ ધીમેધીમે નિયમપૂર્વક તેના ઉપર ચિન્તન કરે છે, તેનાથી મન ધીમેધીમે પરિપકવ થતું જાય છે અને છેવટે વિભુસ્વરૂપ આત્માની પ્રાપ્તિ થાય છે.

બન્ધન વાસનાનું કારણ હોય છે. વાસના દૂર થતાં જ બન્ધન છુટી જાય છે. આત્મજ્ઞાનદ્વારા જે ભોગમુલક વાસનાઓ હોય છે તે બધી નષ્ટ થઇ જાય છે. બધી વાસનાઓ નિકળતાની સાથે જ અક્ષુબ્ધ ચિત્ત શાંત અવસ્થા પ્રાપ્ત કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર સાધારણ રીતે વિષયોની તરફ જ પ્રવાહિત થાય છે. મનને વિષયોથી હઠાવીને પ્રભુમાં લીન બનાવવું ઘણું જ કઠિન છે; તોપણ જે માણસ જન્મ, મૃત્યુ તથા બીજા બધા સાંસારિક સંકટોથી છુટવા ઇચ્છતો હોય છે તેણે તો તેમ કરવું જ જોઇએ. તેનાથી બચવાનો બીજો કોઇ ઉપાય નથી.

ચંચળતા એક માનસિક તરંગ છે. એને યુક્તિથી રોકવી પડશે. પ્રત્યેક મનુષ્યની માનસિક ચંચળતા જુદી હોય છે. જયારે મનુષ્ય તેનાથી પરાભૂત થાય છે ત્યારે તે મનુષ્યને અહિંતહિં દોડાવે છે. એવી ચંચળતા દ્વારા મન માણસોને લોભાવે છે. એ ચંચળતાનું નામ વિલાસ પણ છે. જ્યારે મનમાં એક આકસ્મિક પરિવર્તન થાય છે ત્યારે તે ચાંચલ્ય કહેવાય છે. આપણે ઘણી વખત કહીએ છીએ કે તે એક ચંચળ પ્રકૃતિનો પુરૂષ છે. જો કે પ્રત્યેક મનુષ્ય એ ચાંચલ્યને વશ હોય છે. લોકાચારનો વિરોધ પણ એ ચાંચલ્યનું ઉત્કટ પરિણામ છે.

દોષ અને દુર્બલતા બન્ને જુદી વસ્તુઓ છે. ક્રોધ એક દોષ છે, અને ચા પીવાની ટેવ એક દુર્બલતા છે. પરછિદ્રાન્વેષણ, નિન્દા તથા બીજાને કલંકિત કરવા એ દોષ છે. બહુ જ રસિક હોવું એ પણ એક દુર્બલતા છે. વિપરીત ગુણોદ્વારા એ બન્નેને હઠાવવા જોઇએ.

જે મનુષ્ય રોગ વગરના હોય છે, પરંતુ તિતિક્ષાયુક્ત હોય છે તે કંઇક કરી શકે છે. તે જ્યાં ઇચ્છે ત્યાં જઇ શકે છે. તે પવનની માફક સ્વતંત્ર છે, તેને અપરિમિત સુખ તથા શાંતિ હોય છે, એની કલ્પના જ થઇ શકતી નથી. સંન્યાસના સુખ અને સ્વચ્છન્દતાનું અનુમાન દીન–હીન મનવાળો ગૃહસ્થ નથી કરી શકતો. રાગ તથા વિલાસીતા ગૃહસ્થને દુર્બલ બનાવે છે.

ભાવના પણ કલ્પના છે. તે કવિને સહાયતા કરે છે, સાધકને નહિ. ધ્યાનમાં તે પણ એક વિઘ્ન છે. તે હવાઇ કિલ્લા બનાવ્યા કરે છે. વિચાર તથા વિવેકવડે તેને રોકો.

જ્યારે કોઇ ઇચ્છા મન ઉઠે છે ત્યારે સાંસારિક પુરૂષ તેનું સ્વાગત કરે છે અને તેની પૂર્તિની ચેષ્ટા કરે છે, પરંતુ સાધક પુરૂષ વિવેકવડે તુરતજ તેનો ત્યાગ કરે છે. મન ઇચ્છાઓવડે વિનાશની તરફ ઘસડી જાય છે. એક ઇચ્છા ઉત્પન્ન થાય છે કે તરતજ તેની અનુભૂતિથી બધા સુખોની પ્રાપ્તિ થઇ જશે એમ તમે માનો છો. તમે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે યત્ન કરો છો. તમે તે પ્રાપ્ત કરો છો એટલે અમુક વખત સુધી તમને કાંઇ સંતોષ થાય છે. ફરી પાછું મન ચંચળ બને છે અને તેને નવીન સંવેદનની આવશ્યકતા થાય છે. સંક્ષોભ અને અસંતોષ ઉપસ્થિત થાય છે. આથી જ જગતને કલ્પનામાત્ર કહેવામાં આવ્યું છે. સાંસારિક વિષયોના ઉપભોગથી સાચો તેમજ સ્થાયી સંતોષ નથી મળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતો, તથાપિ લોકો વિષયોની તરફ આંખો મીંચીને દોડે છે; જોકે તેઓ સમજે છે કે વિષય અસત્ય છે અને સંસાર દુઃખમય છે. એનું નામ જ માયા. જ્યારે મન આત્મામાં અવસ્થિત થાય છે ત્યારે નિત્ય તૃપ્તિની પ્રાપ્તિ થાય છે કેમકે આત્મા જ પરિપૂર્ણ છે, ત્યાં જ સર્વ કંઇ મળી શકે છે. તે સ્વયંભૂ છે. બધી ઇચ્છાઓનું શમન આત્માનુભવમાં જ થાય છે.

મન મહત્ અથવા બુદ્ધિમાં લીન થાય છે બુદ્ધિ સમષ્ટિ બુદ્ધિમાં લીન થાય છે. સમષ્ટિ બુદ્ધિ અવ્યકતમાં લીન થાય છે. અવ્યકત બ્રહ્મમાં લીન થાય છે. એ જ અંતઃકરણનું લય ચિન્તન છે.

ચિત્ત શાંત સરોવર જેવું છે અને વિચાર ચિત્તની ઉપર તરંગ જેવા છે. નામ તથા રૂપ સરલ માર્ગ છે, જેમાં એ તરંગો ઉત્પન્ન થયા કરે છે. નામ, રૂપ વગર તરંગો નથી ઉઠતા.

કલ્પના કરો કે તમારૂં મન પુરેપુરૂં શાંત અને નિશ્ચિન્ત છે, તો પણ જેવું ચિંતન શરૂ થાય છે કે તરતજ નામ તથા રૂપથી યુકત થઇ જાય છે. પ્રત્યેક વિચારમાં એક વિશેષ નામ તથા એકવિશેષ રૂપ રહેલ છે; તેથી કોઈ પણ ભાવના કોઇને કોઇ પ્રતિરૂપક શબ્દથી સંબંધિત હોય જ છે.

સહુને દુઃખમય કરનાર માયાના મહાન્ ભયથી છૂટવાનો સૌથી સારો ઉપાય મનનો નાશ છે. મનના નાશની સાથે જ આત્માનો ઉદય થાય છે.

'અહં'નો વિચાર જ સર્વ વિચારોનું મૂળ છે. 'અહં' અસત્ તથા ભાવહીન છે. જ્યારે 'અહં' નાસ્તિમાં અંતર્હિત થઈ જાય છે ત્યારે પછી અહંકારી મન કયાં ?

જ્યારે વૈરાગ્યદ્વારા મનને વિષયોથી ખેંચી લેવામાં આવતું હોય છે ત્યારે તેને સ્વપ્ન અથવા મનોરાજ્યની તરફ જવા નહિ દેવું જોઇએ. ધ્યાનમાં યે બે વિઘ્નો છે. એને એકાગ્ર કરો અને સ્વરૂપમાં સ્થિર થવા દો. પછી આખું જગત્ કેવળ સત્, ચિત્ અને આનન્દરૂપ જણાશે.

ચિન્તન, કાર્ય–યોજના અનુભવ અને જાણવું એ વિભિન્ન ક્રિયાઓ મનમાં રહેલી છે. કોઇ વખત તમે યોજના ઘડો છો, કોઇ વખત અનુભવ કરો છો, કોઇ વખત તમે જાણવાની ચેષ્ટા કરો છો, કોઇ કોઇ વાર ગંભીર ચિન્તન કરો છો, કોઈ વાર ઇચ્છા કરો છો, અંતઃપ્રેક્ષણથી જાણી શકાય છે કે વસ્તુતઃ મનની અંદર વખતોવખત શું ચાલી રહ્યું હોય છે.

સાધકના મનમાં સ્રીના સ્મરણ વા દર્શનથી અશુભ ભાવનાઓ ઉત્તેજીત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજનની સફળતા.

( ગતાંક પૃષ્ઠ ૫૯ થી શરૂ. )

પૂજામાં જે જે પદાર્થો વાપરવામાં આવે એ સર્વ પવિત્ર ને ન્યાય દ્રવ્યથી સંપાદન કરેલા હોવા જોઇએ. પૂર્વે આપણે જોઇ ગયા કે ફળનો આધાર દ્રવ્યની સંખ્યા પર નથી અવલંબતો, પણ પૂજકની ભાવશ્રેણી પર જ અવલંબે છે; માટે જેમ બને તેમ સંખ્યામાં ન લોભાતાં શુદ્ધતા ને નિર્દોષતા પર દ્રષ્ટિ ફેરવવાની જરૂર છે.

અષ્ટપ્રકારી પૂજાનો વિચાર કરતાં પ્રથમ જળપૂજા આવે છે. જળ સારી રીતે ગળીને જોઇતા પ્રમાણમાં વાપરવું. એમાં દુધનું મિશ્રણ થાય છે એમાં વાંધા જેવું નથી, પણ એટલી સંભાળ રાખવાની આવશ્યક્તા છે કે એની મીઠાશથી ને ચીકાશથી કીડી આદિ જંતુઓ ત્યાં દર કરી ન બેસે. જો ચીકણા પદાર્થો વાપરીએ તો સ્વચ્છ કરતાં પૂર્ણ કાળજી પણ રાખવી જોઇએ કે જેથી જીવોત્પત્તિનો સંભવ ન રહે. વળી પ્રમાણ વગરનું પાણી વાપરી સર્વત્ર ભીનું પણ ન જ કરી મૂકાય. અતિશય જળ ઢોળવાથી મચ્છર આદિ જંતુઓ સહજ ઉદ્દભવે છે. અંગલુહણ પણ સ્વચ્છ હોવા જોઇએ. કેટલીક વાર તો એની દશા જોઇ ઘૃણા પેદા થાય છે ! એના કરતાં ખીસામાં રાખવાના રૂમાલ પણ સારા હોય છે ! પ્રભુના અંગપર લોહવાના આ સાધનો સારી રીતે ધોયેલા પવિત્ર અને ફાટયાતુટયા નહિં પણ આખા હોવા ઘટે.

બીજી ચંદનપૂજા એટલે જ સુગંધિત સુખડનું નવ અંગે વિલેપન પણ આજે તેમાં હદ ઉપરાંતની વિકૃતતા દાખલ થઇ ગઇ છે. ચંદનનું સ્થાન કેશરે ખુંચવી લીધું છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ જેવું નથી જ. લાલચોળ ઘસેલા કેશરમાં સુખડ તો નામમાત્રની જ હોયને ! આજના ઉપાસકો કેશરની લાલાશમાં જ ધર્મસેવાની ગહનતા માની બેઠા લાગે છે ! એમણે મન જ્યાં ચંદન કે કેશરના સ્વભાવ પરત્વે વિચાર સરખો નથી આવતો ત્યાં

---

થાય છે. તેનાથી એ પુરૂષ કે જેણે આ જગતનો ત્યાગ કરીને આધ્યાત્મિક સાધનમાં પોતાની જાતને લગાડી દીધી હોય છે તે તપના ફલથી વંચિત રહી જાય છે. સાધના સમય દરમ્યાન સ્ત્રી—સહવાસ સર્વથા ત્યાગ કરવો જોઇએ. ગૃહસ્થની સાથે ન રહેવું જોઇએ. આ આધ્યત્મિક ચિન્તનમાં જ મનને પુરેપુરૂં લગાડી રાખવું જોઇએ. ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી કેશરની અપવિત્રતા સંબંધેનું કથન અરણ્ય રૂદનની ઉપમાને પામે તેમાં શી નવાઇ ? ' ચંદન શીતળતા ' ઉપજાવે એ વાત સાવ વીસરાઇ ગઇ છે. કેશરનો સ્વભાવ ગરમ છે એ તરફ દુર્લક્ષ્ય કરી આજે આપણે ભક્તિના નામે એવું તો સમજ વગરનું અનુકરણ કરી રહ્યા છીએ કે જેથી પ્રતિમાજી ( પાષાણુ બિંબો) ના દેહ પર એ ગરમાઇદ્વારા ઝીણા-ઝીણા છિદ્રો પડયા હોય છે. કોઇ કોઇ સ્થળે કાળાશના ડાઘ પણ પડયા હોય છે અને જ્યાં કેશરનો મારો અતિ પડયો હોય છે ત્યાં તો ઘસારો જોરથી થયો હોય છે ! આમ આપણી ઘેલી ભક્તિએ પાટા પરથી ખસેડી દીધા છતાં આપણો મોહ કેશરની લાલાશ પરથી કેમે કર્યો ખસતો જ નથી ! સુખડની શ્વેતતા ને ઠંડકમાં આપણે રાચવાને બદલે કેમ લાલાશ ને તીવ્રતામાં આલ્હાદ અનુભવતા થયા છીએ એ એક ગુંચ-ભર્યો પ્રશ્ન છે. એથી તો આપણે ઉપરોક્ત રોગનું નિદાન કોઇ જુદે જ માર્ગે શોધી રહ્યા છીએ.

કેશરની ગરમીથી બિંબરક્ષા કરવા સારૂ ચાંદીના ખોળા ચઢાવતા થયા છીએ. એક રીતે જોતાં ભલે બાહ્યથી આપણને આ વાત સુંદર ને બુદ્ધિપૂર્વકની જણાય; પણ વસ્તુતઃ તેમ નથી જ. જે બિંબ પર સૂરિમંત્ર ને વાસક્ષેપ તથા સંખ્યાબંધ ઔષધીની વર્ષા થયા બાદ પૂજ્યપણું પ્રાપ્ત થયાનું આપણે સ્વીકૃત કરીએ છીએ એ મૂળ વસ્તુની પૂજા તો પછી માત્ર અમુક ઘી બોલનાર કે થોડાકને માટે જ ઉઘાડી રહે છે. બાકીના સારૂ તો મૂળ બિંબની નવાંગી પૂજા નહિ પણ ઉપરના ચાંદીના ખોળાની જ પૂજા ! આ વાત વિચારણીય છે. વળી એ ખોળા નીચે કુદરતી ભેજ રહે છે જેથી બિંબને હાનિ પુગે છે. આ તો આપણે શોધેલા ઉપચારની કહાણી ! પણ કેશરની અપવિત્રતા પરત્વે શું સમજવું ? એ માટે સંખ્યાબંધ સાબિતિઓ મળવા છતાં આપણે હજી પણ એને શુદ્ધ માનીશું ? કેમ જાણે કેશર પૂજન સામગ્રીના થાળમાંથી અદ્રશ્ય થઇ જશે તો આપણી અન્ય સામગ્રી કોડીની બની જશે એમજ ને ? જેની અપવિત્રતા સંબંધે ભારોભાર શંકા પડતી હોય અને જે ચીજ સ્વભાવિક રીતે પણ પૂજાની સાત્વિકતા સાથે બંધબેસતી ન થતી હોય, એને સારૂ કેવળ પૂર્વકાળના છૂટા છવાયા પાઠોથી હઠ પકડી ઉપર મુજબ નુકશાનમાં ઉંડા ઉતરતાં જવું એ શું ડહાપણની નિશાની છે ?

એક કાળે અમુક ચીજ પવિત્ર ને શુદ્ધ હોય કિંવા શુદ્ધ રીતે પ્રાપ્ત થતી હોય ને સદાકાળ ને સર્વથા એ જ સ્થિતિમાં રહે એવો કોઇ સનાતન નિયમ હોઇ શકે ?

કેશરનો આખોએ પ્રશ્ન આ રીતે વિચારણીય છે.

લે૦ ચોકસી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્ત્તમાન સમાચાર

## મહાજનનું નિમંત્રણ.

રાજપુર–ડીસાગામની શ્રાવિકા–પોતાના સાસરીયાં–પિયરીયાંની રાજીખુશીથી કાર્તિક વદિ ૫ ના દિવસે દીક્ષા લેનાર હોવાથી ત્યાંનું મહાજન પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય મુનિરાજ શ્રી ૧૦૦૮ શ્રીમાન્ હંસવિજયજી સાહેબ તથા પંન્યાસજી મહારાજ શ્રીમાન્ સંપતવિજયજી સાહેબ આદિ મુનિરાજોને નિમંત્રણ કરવા નવાડીસાથી જ્ઞાનપંચમીના દિવસે આવ્યું હતું. તેમની આગ્રહભરી વિનંતિ સ્વીકારી મહારાજશ્રીજી કાર્તિક વદિ ૩ ના દિવસે ત્યાં પધારશે એવી વકી છે.

---

**સુધારો**—છપાયેલ પંચાંગમાં આચાર્ય વિજયકમળસૂરિજીના પ્રશિષ્ય સાથે શ્રી વિજયમોહનસૂરિજીના શિષ્ય મુનિરાજશ્રી પ્રીતિવિજયજી એમ વાંચવું.

**મા૦ કમીટી.**

---

**શા. આણંદજી પુરૂષોતમ શ્રી જૈન ઔષધાલયમાં ૨૧૯૮૮ ના આસો વદ ૦)) સુધી માસ બારમાં લાભ લેનારા દર્દીઓની સંખ્યા.**

૧૫૭ મુનિરાજ, ૩૬૬ સાધ્વીજી, ૬૧૮૩ શ્રાવક, ૯૯૬૧ શ્રાવિકા, ૧૨૫૨૩ જૈનેતર ૯૪૨૪ બાળકો. ૪૧૬૧૪ કુલ સંખ્યા.

## સ્વીકાર અને સમાલોચના.

૧ **અધ્યાત્મકલ્પદ્રુમ**—શ્રી મુનિસુંદરસૂરિવિરચિત મૂલ તથા અર્થ સાથે. સંસારનું સ્વરૂપ જણાવનાર, નિત્ય મનન કરવા યોગ્ય, અધ્યાત્મભાવ પ્રગટ કરાવનાર આ લઘુ પરંતુ આત મહત્ત્વનો ગ્રંથ છે. મૂળ સાથે સરલ ભાષાંતર હોવાથી બાળ જીવો પણ સમજી શકે તેવું છે. વળી સર્વમાન્ય પણ છે. પ્રકાશક–શાહ ફૂલચંદ ખીમચંદ વલાદવાળાએ વગર કિંમતે સદુપયોગ કરવાની શુભ ઇચ્છાથી પ્રગટ કરેલ હોવાથી આ પ્રયત્ન તેમનો ધન્યવાદને પાત્ર છે.

૨ **શ્રી બાર વ્રતકી ટીપ**—લેખક **મુનિરાજ શ્રી દર્શનવિજયજી** હાલ ચાતુર્માસ આગ્રા. હિંદી ભાષામાં શ્રીઆત્માનંદ જૈન પુસ્તકપ્રચારક મંડળ આગ્રા તરફથી માત્ર ત્રણ આનાની નજીવી કિંમતે અનેક જૈન બંધુઓ અને બ્હેનો લાભ લે તેવા શુભાશયથી પ્રકટ કરવામાં આવેલ છે. અત્યારસુધીમાં બીજી કેટલીક ટીપો કરતાં આ બુકમાં તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષતા છે. બાર વ્રતના જિજ્ઞાસુ અને લેવા ઇચ્છતાં કોઇ પણ મનુષ્ય માટે આ ગ્રંથ ભોમીયા સમાન છે અને આ ગ્રંથમાં તેનું દિગ્દર્શન-સ્વરૂપ સરલ અને સાદી રીતે આપવામાં આવેલું છે. સમ્યક્ત્વ, બાર વ્રતનું સ્વરૂપ બતાવતાં છેવટે ચાર પરિશિષ્ટમાં આયંબિલ, પચ્ચકખાણ સ્વરૂપ, અણાહારી ચીજનું વર્ણન અને બાર વ્રતધારી માટે ગ્રંથની શરૂઆતમાં સુચના આપી ગ્રંથને વિશેષ ઉપયોગી બનાવ્યો છે. હિંદી ભાષાના જાણકાર માટે ઉક્ત મુનિમહારાજનો આ પ્રયત્ન આવકારદાયક છે. મળવાનું સ્થળ. રોશનમહોલ્લા.

૩ **સુભાષિત રત્ન સંદોહ**—અનુવાદક દયાળજી ગંગાધર ભણશાલી બી. એ. દિગંબરાચાર્ય શ્રીઅમિતગતિરચીત આ ગ્રંથમાં મોહવિલાસ વર્ણન, કામ, ક્રોધ. મોહ, લોભ વગેરેનું સ્વરૂપ, ભૌતિક વિલાસોનું વર્ણન, માંસ, મદિરા, જુગાર, વેશ્યાગમન સંબંધી નિવારણ, મોક્ષપ્રાપ્તિ વર્ણન વગેરે જુદા જુદા બત્રીશ વિષયોનું વર્ણન આપેલ હોવાથી જૈન ધર્મના ઉપદેશની છાપ તરી આવે છે. દિગંબરી આચાર્યના વિદ્વતાપૂર્ણ ધર્મ સંબંધી અનેક ગ્રંથો છે. ઉક્ત આચાર્યશ્રીએ બીજા ગ્રંથો લખેલા છે તેનું વર્ણન ગ્રંથની પ્રસ્તાવનામાં છે. અનુવાદક સારૂં શિક્ષણ પામેલા હતા તેમ અનુવાદ અને તેમના સંક્ષિપ્ત જીવન ઉપરથી જણાય છે. તેમના સ્વર્ગવાસની યાદગીરીનિમિત્તે તેમના વડિલ બંધુ હીરજીભાઇનો આ સાંસારિક, ધાર્મિક, ભ્રાતૃસ્નેહ આ ગ્રંથ પ્રકટ કરી બતાવી આપ્યો છે.

મૂલ્ય—વાંચન મનન. ઠેકાણું-હનુમાન બીલ્ડીંગ, લેમીંગટન રોડ-મુંબઇ નં. ૪

---

**સૂયગડાંગસૂત્ર**—પાંચમો ભાગ મૂળ સાથે ભાષાંતર-પાંચમો ભાગ ૩ થી ૭ અધ્યયનોનું ટીકાના આધારે મુનિશ્રી માણેકમુનિએ ભાષાંતર સરલ રીતે કર્યું છે. એક વખત એવો હતો કે શ્રાવકો આગમોનું અધ્યયન-વાંચન કરી શકતા નહોતા. આજે આગમોના ભાષાંતરો પ્રકટ થતાં તેના જિજ્ઞાસુ સર્વ કોઇ લાભ લઇ શકે છે. ઉક્ત મુનિમહારાજનો આ દિશામાં ઘણા વખતથી સારો પ્રયત્ન છે. બીજા દશવૈકાલિક, આચારાંગ વગેરેના ભાષાંતરો પણ મહારાજશ્રીએ કરેલા છે પ્રકાશક-ત્રીકમલાલ ઉગરચંદ વકીલ અમદાવાદ, સારંગપુર તળીયાની પોળ. કિંમત દોઢરૂપીયો. કિંમત જરા ઓછી રાખી હોત તો ઠીક હતું.

## નવા વર્ષના જૈન પંચાંગ.

નવા વર્ષ ( સં. ૧૯૮૬ ની સાલ ) ના જૈન પંચાંગ અમારા તરફથી છપાય તૈયાર થઇ ગયા છે. જલદી મંગાવો. પાછળથી મળી શકતા નથી. કિંમત અરધો આને. સો નકલના અઢી રૂપીયા. મળવાનું ઠેકાણું:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી પ્રભાચંદ્રસૂરિ કૃત—

# શ્રી પ્રભાવકચરિત્ર.

વર્તમાનકાળના પ્રભાવક બાવીશ આચાર્યોના જીવન ઉપર પ્રકાશ પાડતો આ ગ્રંથ સં. ૧૩૩૮ માં લખાયેલ જૈનકથા અને ઇતિહાસસાહિત્યમાં અભિવૃદ્ધિ કરે છે. ઇતિહાસ અને કથા સાથે કવિત્વ પોષવામાં અને સાહિત્યનો રસ જમાવવામાં પણ ગ્રંથકર્ત્તા મહારાજે જેમ લક્ષ આપ્યું છે તેમજ તે વખતના સામાજિક, ઐતિહાસિક, રાજકીય સ્થિતિનો પણ ઉલ્લેખ કરી લેખક મહારાજે પોતાની ઇતિહાસપ્રિયતા સિદ્ધ કરી છે. જેથી ઇતિહાસના પણ ભિન્ન ભિન્ન સમયના સુંદર પ્રકરણો આમાંથી મળી રહે છે જેથી જૈન કે જૈનેતર ઇતિહાસના અભ્યાસી અને લેખકોને આવકારદાયક સામગ્રી આ ગ્રંથ પૂરી પાડે છે. આ મૂળ ગ્રંથ કેટલોક અશુદ્ધ છપાયેલ, તેની શુદ્ધિ માટે તેમજ તેની સુંદરતા અને પ્રમાણિકતામાં વધારો કરવા માટે ઇતિહાસવેત્તા મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજને વિનંતિ કરતાં તેઓશ્રીએ શુદ્ધિ કરવા સાથે ઐતિહાસિક દૃષ્ટિએ પ્રબંધ પર્યાલોચના લખી તેમાં આવેલ ચરિત્રનાયકોનો પરિચય આપવામાં જે શ્રમ લીધેલ છે અને તેને લઇને આ ઇતિહાસિક અને કથાસાહિત્ય ગ્રંથની ઉપયોગીતા અને સુંદર સાહિત્યની અભિવૃદ્ધિ થઇ છે. આ ગ્રંથ માટે અનેક જૈન અને જૈનેતર પેપરોએ પ્રશંસા કરી છે. રોયલ આઠ પેજી સાઠ ફોર્મ પાંચસો પાનાનો ઉંચા કાગળ, સુંદર ગુજરાતી ટાઇપથી છપાઇ આકર્ષક મજબુત બાઇન્ડીંગથી અલંકૃત કરાવેલ છે. કિંમત રૂા ૨–૮–૦ કપડાનું બાઇન્ડીંગ પોણા ત્રણ રૂપિયા. પોસ્ટેજ જુદું.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

---

શ્રી પ્રાચીન તીર્થોદ્ધાર વાસ્તે દાન કરવા માટે ઉત્તમ સ્થાન.

## શ્રી મારવાડની મોટી પંચ તીર્થી.

## શ્રી રાણકપુરજીનું ભવ્ય દેવાલય.

૧ શ્રી મારવાડ સાદડી ગામથી ૬ માઇલ દૂર શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનું મારવાડ પંચ તીર્થીનું મુખ્ય સ્થાન શ્રી રાણકપુરજી તીર્થ આવેલું છે. તે તીર્થનું ૧૪૪૪ સ્તંભવાળું વિશાળ મંદિર શ્રી નાદીઆ ગામના ધનાશાહ પોરવાડે સ્વપ્નમાં જોયેલા શ્રી નલિનીગુલ્મ વિમાનના આકારનું પંદર કરોડ દ્રવ્ય ખર્ચી સંવત ૧૪૩૪ માં બંધાવેલું અને તેમાં પ્રતિષ્ઠા શ્રી સોમસૂરીજીએ સં. ૧૪૯૬ માં કરેલી, તે ભવ્ય દેરાસરનો હાલ જીર્ણોદ્ધાર કરાવવાની આવશ્યકતા છે. આવા વિશાળ મંદિરના જીર્ણોદ્ધારમાં નાણાની મોટી રકમની મોટી જરૂર પડે તે સર્વે ભાઇઓની જાણમાં છે. આપણી પૂર્વે થઇ ગયેલા પુણ્યશાળી પુરૂષોની જાહોજલાલીના નમુનારૂપ આ મંદિરના જીર્ણોદ્ધારમાં સખી ગૃહસ્થોએ પોતાનો હાથ લંબાવી સારી રકમ આપવાનું પુણ્ય ઉપાર્જન કરવા વિનંતિ છે.

૨ શ્રી એડન દેરાસર તરફથી આ તીર્થના જીર્ણોદ્ધાર સારૂ રૂા. ૨૦૦૦) ની રકમ મોકલી આપવામાં આવી છે.

જે રકમો મોકલો તે શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદના ઉપર મોકલી આપવા તસ્દી લેશોજી.

પ્રતાપસિંહ મોહોલાલ.
વહીવટદાર પ્રતિનીધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૯. કાર્તિક. આત્મ સં. ૩૭. અંક ૪ થો.

## અચળ ધર્મ

" સ્વદેશી એ શાશ્વત વસ્તુ છે. સ્વદેશી એ દેહ સાથે જડાયેલો ધર્મ છે. એ અચળ ધર્મ છે. તીવ્રરૂપે એક દિવસ આપણે સ્વદેશી પાળીએ તો સ્વરાજ્ય હાથમાં જ છે. હિન્દુસ્તાનનો પૈસો બચાવવાનો જ એ ધંધો નથી. સ્વદેશીમાં સ્ત્રીઓની શિયળરક્ષા છે. સ્વદેશીમાં ઇશ્વરભક્તિ છે. સ્વદેશીમાં જ હિન્દુસ્તાનનો શુદ્ધ છુટકારો છે. સ્વદેશીની ચળવળ હંમેશને સારૂ છે. "

—મહાત્માજી.

For Private And Personal Use Only